JBD-1901010102010100 Seat No. ________

# M. A. (Sem. I) (CBCS) Examination

## December – 2019

## Gujarati

*(ભાષા-સાહિત્યકૌશલ)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ નીચે આપેલાં કાવ્યોમાંથી કોઈપણ **એક** કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

(૧) મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનના કમાડ મારાં ઢંઢોળી જા.
પોઢેલી પાંપણનાં પડદા ઉઘાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા. મારી.
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમ ભૂખીને જમાડી તું જા. મારી.
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તું જા. મારી.

- સુન્દરમ્

**અથવા**

(૨) આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.
મલિયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના ?
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં,
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં,
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ઊડી રહ્યાં છે યાદનાં અબીલ ને ગુલાલ,
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.
ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

- મનોજ ખંડેરિયા

૨ નીચેના ગદ્યખંડનું સારલેખન કરો : **૧૪**

કલાસર્જનના અનેક હેતુઓ ગણવામાં આવે છે. કોઈ કહે છે કે નિજાનંદમાં મસ્ત કલાકાર મનની વાત મનમાં સમાવી શકતો નથી. એ ઊભરાય છે અને જગતને કલાકૃતિ મળે છે. બીજો કહે છે જગતની પણ કલાકારને પડી નથી. એ તો માત્ર પોતાના આત્માના આવિષ્કારને માટે જ મથે છે. તો વળી અમુક પક્ષને આવિષ્કરણ કરતાં આત્મગોપન જ કલાનો હેતુ લાગે છે. તેઓ કહેશે કે વિશ્વની રચના કરીને રચનારો એની પાછળ છૂપાઈ ગયો છે તેમજ શેક્સપિયર કે કાલિદાસે પોતાની કાવ્યસૃષ્ટિની પાછળ છૂપાઈ જવાનો ઉપક્રમ રાખ્યો હશે. બીજો પક્ષ તેની પણ આગળ જઈ આત્મવિસ્મરણને કલાનો હેતુ માને છે, નિજને છુપાવવાનો જ કલાકારનો હેતુ હોતો નથી. પોતાને ભૂલી જવા એ મથતો હોય છે. અરે, તેથી પણ વિશેષ એની ઈચ્છા હોય છે. પોતાની જાતને, નિજી વ્યક્તિત્વની મર્યાદાઓને ભૂંસી નાખવા એ કલા દ્વારા વલખાં મારતો હોય છે. પણ સામેથી બીજાઓ તદ્દન ઊલટીજ વસ્તુ ઠોકી-ઠોકીને કહેવા માગે છે. કલાકાર નિજી વ્યક્તિત્વને ભૂંસી નાખવા તે શેનો માગે ? ઊલટો એ આત્મવિસ્તાર-આત્મવડાઈ વાંછે છે અને કદાચ આ બધા વાદોથી કંટાળીને જ તો ‘કલા ખાતર કલા’ કહેનાર વર્ગ અસ્તિત્વમાં આવ્યો નહિ હોય ?

- ઉમાશંકર જોશી

**અથવા**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

કાવ્યનિર્મિતિ આમ તો અનન્ય પરતંત્રા છે. કવિ ક્યારે શું ગાઈ ઊઠશે તેની આગાહી કરવાનું મુશ્કેલ છે. તથાપિ આંતરબાહ્ય જગતની પ્રવૃત્તિ ને પરિસ્થિતિ કાવ્યસર્જનની સામગ્રી હોઈ કવિનું સંવેદનતંત્ર એને ઝીલતું તો હોય છે જ. હા, પછી તેમાં એ પોતાના સ્વત્વમાંથી ઉમેરીને કલાકૃતિ નિપજાવે છે. પણ આ સ્વત્વ તે શું છે ? કદાચ વિશાળ જીવન અને જગતમાં પ્રવર્તતા વિવર્તોના સચેત ચિત્તંત્રે સંચિત કરેલા સંસ્કારો જ. એટલે તો કવિ ગમે તેટલો વૈયક્તિક થવા જાય છે, ઝનૂનપૂર્વક માનવસમાજ કે જગત સાથેના પોતાના સંબંધોનો ઈન્કાર કરે છે ત્યારે પણ એ જે બોલે છે, ગાય છે, સર્જે છે, તેના મનુષ્ય હૃદય કે જીવન સાથેનો સંદર્ભ એ સર્વથા ટાળી શકતો નથી; જાણ્યે - અજાણ્યે પણ એની કાવ્યકૃતિમાં પેલું સંદર્ભનું તત્ત્વ, ક્યાંક રચનાવૈચિત્ર્યમાં તો ક્યાંક ભાવ ભંગીમાં પ્રવેશી જતું દેખાય છે.

- જયંત પાઠક

૩ છંદ એટલે શું ? છંદના પ્રકારો જણાવી, શાર્દૂલવિક્રીડિત અને અનુષ્ટુપ છંદનું બંધારણ દૃષ્ટાંત સાથે સમજાવો. ૧૪

**અથવા**

૩ અલંકાર એટલે શું ? અલંકારના પ્રકારો જણાવી, રૂપક અને અનન્વય અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણથી સમજાવો. ૧૪

૪ જોડણી વિચાર સમજાવી, તત્સમ જોડણીના નિયમો સદૃષ્ટાંત ચર્ચો. ૧૪

**અથવા**

૪ પ્રૂફવાચન એટલે શું ? તે સમજાવી પ્રૂફ સુધારણ માટેની વિવિધ સંજ્ઞાઓ જણાવો. ૧૪

૫ ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) ૧૪

(૧) શિખરિણી અને ચોપાઈ છંદને સદૃષ્ટાંત ચર્ચો.

(૨) શબ્દાલંકારોની સાધાર ચર્ચા કરો.

(૩) તદ્ભવ જોડણીના નિયમો જણાવો.

(૪) જોડણીમાં અનુસ્વારના નિયમો જણાવો.